**<u>વડોદરાના મહે. જયુડી.મેજિ.ફર્સ્ટ કલાસ સાહેબ (રેલવે) ની કોર્ટમાં.</u>**

**<u>(C.C.) ફોજદારી કેસ નંબર : 6995 / 2025</u>**

**ફરીયાદી :–  આર.પી.એફ. પોષ્ટ બાજવા**

વિરુધ્ધ

**આરોપી :–  કમલકુમાર વિનોદભાઈ સોલંકી**

<u>ગુનો :– રેલવે એકટ મુજબ</u>

**<u>:– આંક–૧ લગત ચુકાદો –:</u>**

૧. આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ **રેલવે એકટ**ની જોગવાઈ મુજબ ટ્રાફિક નિયમોનો ફરિયાદમાં જણાવ્યા મુજબ ગુનો કરેલ છે.

૨. આરોપીને <u>ભા.ના.સુ.સં.૨૦૨૩ ની કલમ–૨૩૦</u> અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી છે. આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી,સંભળાવી, સમજાવતા આરોપીએ તેઓની વિરુધ્ધ ના ગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે. આરોપીએ જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓનો આ પહેલો ગુનો છે જેથી ઓછામાં ઓછી સજા/દંડ કરવા વિનંતી કરી છે.

૩. આરોપીની આર્થિક સ્થિતિ, કોર્ટ સમક્ષની કબૂલાત, ગુનાની ગંભીરતાં લક્ષમાં લીધા. તેમનો આ પ્રથમ વખત નો ગુનો છે તેવું આરોપીએ જણાવેલ છે. **<u>નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરભાઈ હરીચંદજી ઠાકોર</u>** ના કેસમા સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ કાયદામાં નકકી કરેલી જોગવાઈ કરતા પણ ઓછામા ઓછી સજા અને દંડ કરવાની મેજીસ્ટ્રેટને સત્તા છે. આમ સદરહુ ચુકાદાના પાના નંબર ૭૨૧, પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો હાલના આરોપીના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાઈ છે તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. જેથી આરોપીની આર્થિક સ્થિતિ, સંજોગો, ગુનાની ગંભીરતા તથા **<u>એન.સી. પ્રકારનો ગુનો છે</u>** તે ધ્યાને લઈ કાયદાએ સુચવેલ મહત્તમ સજા કરતા ન્યુનતમ સજા કરવા માટેના વ્યાજબી અને વિશીષ્ટ કારણો જણાઈ છે જેથી ઓછામા ઓછી સજા તથા દંડ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**<u>–: હુકમ :–</u>**

તહોમતદારને **<u>રેલવે એકટ,૧૯૮૯ની કલમ–૧૪૭</u>** મુજબના ગુનામાં **<u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૫</u>** મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે. અને **<u>રૂા.૨૦૦/– (અંકે રૂા. બસ્સો પુરા)</u>** નો દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ના ભરે તો **<u>દિન–૭</u>** ની સાદી કેદની સજા ભોગવવાહુકમ કરવામાં આવે છે.

આજરોજ આ હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : **બાજવા**
તા.૧૪ / ૦૫ / ૨૦૨૫

**(એમ.બી. મહેતા)**
**જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ (રેલવે)**
**મુ.વડોદરા.**
**<u>(કોડ નં.જીજે ૦૧૩૯૬)</u>**